## સરકારી માધ્યમિક શાળાઓ અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી–૨૦૨૪

## બંને ભરતીમાં કામચલાઉ શાળા ફાળવણી (Provisional School Allotment) થયેલ હોય તેવા ઉમેદવારો દ્વારા ઓનલાઇન સંમતિ આપવા માટેની સૂચના

**તા.૧૯/૦૭/૨૦૨૫**

તા.૧૬/૦૭/૨૦૨૫ ના રોજ સરકારી માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી–૨૦૨૪ અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી–૨૦૨૪ માટે કામચલાઉ શાળા ફાળવણી (Provisional School Allotment) કરવામાં આવેલ છે.જેમાં કેટલાક ઉમેદવારોને સરકારી માધ્યમિક શાળાઓ અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓના મેરીટ ક્મ પ્રેફરન્સ મુજબ બંને ભરતીમાં શાળા ફાળવણી થયેલ છે. આવા ૧૨૪૧ ઉમેદવારોની યાદી વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ ઉમેદવારો દ્વારા બંને ભરતીમાંથી જે ભરતી અનુકૂળ હોય તે ભરતીમાં ઉમેદવારી ચાલુ રાખવા કે અન્ય ભરતીમાંથી ઉમેદવારીનો હક જતો કરવા માટે તા.૧૯/૦૭/૨૦૨૫ થી તા.૨૦/૦૭/૨૦૨૫ ના રોજ રાત્રે ૧૧:૫૯ કલાક સુધી ઓનલાઇન સંમતિ આપવાની રહેશે. ઉમેદવારોએ આ પ્રક્રિયા કેવી રીતે કરવી તે બાબતે સૂચનાઓ નીચે મુજબ છે.

1. Candidates who are selected in both SGV and SGR in Provisional Allotment યાદીમાં સમાવિષ્ટ તમામ ૧૨૪૧ ઉમેદવારોએ ફરજિયાત પોતાની પસંદગીની સંમતિ આપવાની રહેશે.
2. આ માટે ઉમેદવારે સૌપ્રથમ www.gserc.in વેબસાઇટ પર જવાનું રહેશે. ત્યારબાદ ઉમેદવારે Secondary Government અથવા Secondary Grant-in aid બંનેમાંથી એક ભરતીમાં Log-in થવાનું રહેશે. ઉમેદવાર પોતાના credential દ્વારા Log-in થઇ શકશે.
3. ત્યારબાદ ઉમેદવારે [Sammati Patrak] આઇકોન પર ક્લિક કરવાનો રહેશે.
4. આમ કરવાથી "સંમતિ પત્રક" ખુલશે. જેમાં ત્રણ વિકલ્પો આપેલ હશે. જેમાંથી વિકલ્પ–1 અને વિકલ્પ–2 દ્વારા બંનેમાંથી કોઇ એક ભરતી માટે સંમતિ આપવા અને એક ભરતી માટે હક જતો કરવા માટે સંમતિ આપવાની રહેશે.
5. આપ જે ભરતીમાં ઉમેદવારી ચાલુ રાખવા માંગતા હોય તે ભરતી માટે "આ ભરતીમાં ઉમેદવારી ચાલુ રાખવા માંગુ છું" બટન પર ક્લિક કરતાં તે સિલેક્ટ થશે અને આપોઆપ અન્ય ભરતીમાં "આ ભરતીમાંથી ઉમેદવારીનો હક જતો કરવા માંગુ છું" વિકલ્પ પસંદ થઇ જશે.
6. ઉમેદવાર જે ભરતી માટે "આ ભરતીમાં ઉમેદવારી ચાલુ રાખવા માંગુ છું" વિકલ્પ પસંદ કરશે તે ભરતી ફાઇનલ એલોટમેન્ટ માટે ધ્યાનમાં લેવામાં આવશે. તે સિવાયની અન્ય ભરતીમાંથી

આપોઆપ "આ ભરતીમાંથી ઉમેદવારીનો હક જતો કરવા માંગુ છું" વિકલ્પ પસંદ થઇ જશે અને તે ભરતીમાંથી ઉમેદવારી રદ કરવામાં આવશે.

7. જો ઉમેદવાર બંને ભરતી એટલે કે સરકારી માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક શિક્ષણ સહાયક બંને ભરતીમાંથી પોતાનો હક જતો કરવા માંગતા હોય તો **વિકલ્પ–3 "ઉક્ત બંને ભરતીમાંથી હક જતો કરવા ઈચ્છુ છું."** પસંદ કરવાનો રહેશે.
8. **વિકલ્પ–3 પસંદ કરતા ડ્રોપ ડાઉન મેનુમાંથી ઉક્ત બંને ભરતીમાંથી હક જતો કરવા માટેનું કારણ પસંદ કરવાનું રહેશે. કારણમાં "Other" પસંદ કરવામાં આવશે તો રીમાર્ક્સ માં કારણ ગુજરાતીમાં લખવાનું રહેશે. આ વિકલ્પ પસંદ કરેલ હશે તો ઉમેદવારની બંને ભરતીમાંથી ઉમેદવારી રદ કરવામાં આવશે અને એક પણ ભરતી માટે ફાઇનલ પસંદગી યાદીમાં સમાવેશ થઇ શકશે નહિ જે ખાસ ધ્યાનમાં લેશો.**
9. ઉપરોક્ત પ્રક્રિયા ખૂબ જ ચોકસાઈપૂર્વક કરવાની રહેશે.
10. ત્યારબાદ નીચે ઉમેદવારની બાંહેધરી/સંમતિ જોઇ વાંચી સમજી "સંમતિ" આપવા માટે એક બોક્ષ ક્લિક કરવાનું રહેશે.
11. એક બોક્ષ ક્લિક કર્યા બાદ "SUBMIT" બટન ક્લિક કરતાં મેસેજ ડિસ્પ્લે થશે. જેને YES પર ક્લિક કરતાં આપના મોબાઇલ નંબર ઉપર OTP આવશે. જે સબમીટ કર્યા બાદ આપની સંમતિ પત્રક માટેની પ્રક્રિયા પૂર્ણ થશે.
12. ઉમેદવાર દ્વારા અપાયેલ સંમતિ ઉમેદવારના Log-in માં [Sammati Patrak] પર ક્લિક કરતાં જોઇ શકાશે.
13. બંને ભરતી પૈકી કોઇ એક ભરતીમાં Log-in કરી ઉપરોક્ત પ્રક્રિયા પૂર્ણ કરી શકાશે. એક ભરતીમાં આ પ્રક્રિયા પૂર્ણ કરેલ હશે તો અન્ય ભરતીના Log-in માં સંમતિપત્રક જોઇ શકાશે પરંતુ એડિટ થઇ શકશે નહિ.
14. એકવાર ઓનલાઇન સંમતિ સબમિટ કર્યા બાદ કોઇપણ સંજોગોમાં તેમાં ફેરફાર કરી શકાશે નહિ.

**ઉપરોક્ત પ્રક્રિયા પુર્ણ થતા FINAL ALLOTMENT માં ઉમેદવારે સંમતિ આપેલ ભરતીમાં ઉમેદવારે પસંદ કરેલ શાળાઓમાંથી મેરીટ ક્રમ પ્રેફરન્સ મુજબ શાળા ફાળવણી કરવામાં આવશે તથા બંને ભરતીમાંથી હક જતો કરનાર ઉમેદવારની સરકારી માધ્યમિક કે ગ્રાન્ટ ઇન એઇડ માધ્યમિક પૈકી કોઈપણ શાળા ફાળવણી થશે નહિ.**

ખાસ નોંધ : જે ઉમેદવારોએ કોઈપણ એક ભરતી માટે સમયમર્યાદામાં ઓનલાઇન સંમતિ આપેલ નહિં હોય તેવા ઉમેદવારોને અત્રેથી ભરતી પસંદગી સમિતિ દ્વારા કોઇ એક ભરતીમાં શાળા ફાળવવામાં આવશે અને અન્ય ભરતીમાંથી ઉમેદવારી રદ કરવામાં આવશે. ઉમેદવારે ભરતી સમિતિના નિર્ણય સ્વિકારવાનો રહેશે. ત્યારબાદ આ બાબતે કોઇ લેખિત કે મૌખિક રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં.